# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 21-09-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા**વાંચે છે.

---

## P.M-રાષ્ટ્રને સંબોધન:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જાહેરાત કરતા કહ્યું છે કે, આગામી પેઢીના GST સુધારા આવતીકાલે નવરાત્રિના પહેલા દિવસે અમલમાં આવશે.

રાષ્ટ્રને સંબોધન કરતા શ્રી મોદીએ કહ્યું કે, GST બચત મહોત્સવ આવતીકાલથી શરૂ થશે. લોકો ઓછી કિંમતે તેમની પસંદગીની વસ્તુઓ ખરીદી શકશે.

બાઈટ…PM મોદી

પ્રધાનમંત્રીએ ઉમેર્યું કે, આ સુધારાઓ સાથે રાષ્ટ્રીય વિકાસની ગાથા બદલાશે. સરકારે મધ્યમ વર્ગ પરના કરવેરાનો બોજ હળવો કરવા માટે પગલાં લીધાં છે. શ્રી મોદીએ કહ્યું કે, હવે માલ અને વાહનો પર ઓછો ખર્ચ કરવો પડશે. તેમણે સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને ઉચ્ચ ગુણવત્તાવાળા ઉત્પાદનોનું ઉત્પાદન કરવા વિનંતી કરી હતી.

પ્રધાનમંત્રીએ દેશવાસીઓને આગામી પેઢીના GST સુધારાઓ, બચત મહોત્સવ અને નવરાત્રિની શુભેચ્છા પાઠવી હતી.

-----------------------------------------------------------------------------------------------

## ભુકંપનો આંચકો:

કચ્છમાં આજે ભૂકંપના બે આંચકાઓ અનુભવાયા છે. પહેલો આંચકો સવારે છ વાગ્યેને 41 મિનિટે આવ્યો હતો. રૅક્ટર સ્કેલ પર 2.6ની તીવ્રતાના આ આંચકાનું કેન્દ્ર બિન્દુ ધોળાવીરાથી 24 કિલોમીટર દૂર નોંધાયું હતું. જ્યારે બપોરે 12 વાગ્યેને 41 મિનિટે પણ ભૂકંપના

આંચકો અનુભવાયો હતો. રેક્ટર સ્કેલ પર 3.1ની તીવ્રતાના આ આંચકાનું કેન્દ્ર બિન્દુ ભચાઉથી 12 કિલોમીટર દૂર નોંધાયું હોવાનું ગાંધીનગરના ભૂકંપવિજ્ઞાન સંશોધન કેન્દ્ર દ્વારા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------

## ચલો જીતે હૈ-પ્રતિભાવ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ" ફિલ્મ રાજ્યના દરેક સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે. દર્શકો આ ફિલ્મથી પ્રેરણા લઈ તેની પ્રશંસા કરી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------------

## નવરાત્રિ પર્વ-પ્રારંભ:

માં આધ્યશક્તિની આરાધનના પર્વ શારદીય નવરાત્રીનો આવતીકાલથી પ્રારંભ થશે.માઈ મંદિરોને અનેરો શણગાર કરાયો છે. માઈભક્તો ઉપવાસ,પુજાપાઠ,અનુષ્ઠાન થકી માની આરાધના કરશે. કચ્છ કુળદેવી માં આશાપુરાના સ્થાનક માતાના મઢ ખાતે  આજે રાત્રે જાગીરના અધ્યક્ષ રાજાબાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે ઘટસ્થાપન વિધિ સાથે નવરાત્રીનો પ્રારંભ થશે.ભુજના આશાપુરા માતાજીના મંદિરમાં  પણ આજે રાત્રે ઘટસ્થાપનવિધિ થશે.

નવરાત્રીના પ્રારંભ પુર્વે  જીલ્લાની બજારોમાં  પણ ગરબા,દીવડા,દાંડીયા વસ્ત્રોની  ખરીદી કરતા લોકોની ભીડ જોવા મળી રહી છે. તો બીજી બાજુ જીલ્લાભરના મુખ્ય શહેરો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં  પ્રાચીન અર્વાચીન ગરબીના આયોજકો દ્વારા  તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. તો તંત્ર દ્વારા પણ  સુરક્ષાની ખાસ વ્યવસ્થા  કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ:

સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાન હેઠળ રાજ્યભરમાં અત્યાર સુધી 38 હજાર 391 શિબિર યોજાઈ. તેમાં પાંચ લાખ 58 હજાર 668 લોકોની કૅન્સરની તપાસ, જ્યારે 30

હજાર 231 જેટલા એક્સ-રે રિપોર્ટ કરાયા. 17 સપ્ટેમ્બરથી શરૂ થયેલા અભિયાનનો અત્યાર સુધી 19 લાખ 44 હજાર 93 જેટલા લાભાર્થીએ લાભ લીધો છે.

---

## એશિયા કપ ટી-20:

એશિયા કપ ટી-20 ક્રિકેટના સુપર ચાર મુકાબલામાં આજે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે. ભારતીય સમય મુજબ દુબઈમાં આ મેચ રાત્રે આઠ વાગ્યે શરૂ થશે. બંને દેશ વચ્ચે અત્યાર સુધી રમાયેલી 14 મેચમાંથી ભારતે 11 મેચ જીતી છે. આ પહેલા ગૃપ તબક્કામાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું.

---

## પિંગલેશ્વર બીચ-સ્વચ્છ સમુદ્ર અભિયાન:

આંતરાષ્ટ્રી કોસ્ટલ કલીઅપ ડે નિમિતે ભારતીય કોસ્ટગાર્ડ મથક જખૌ દ્વારા પિંગલેશ્વર બીચ પર સ્વચ્છ સમુદ્ર સલામત દરિયા કિનારાના સહિયારા મીશન સાથે ભારતીય વાયુ સેના, તટરક્ષક દળ,મરીન પોલીસના સ્વયંસેવકો,શાળાના બાળકોએ સાથે મળીને આશરે એક હજાર કિલો પ્લાસ્ટીક તેમજ હાનિકારક કચરો એકત્રિત કરી તેનો નિકાલ કરાયો હતો. જેના કારણે દરિયાઈ જીવ સૃષ્ટિને થતાં નુકસાનને અટકાવી શકાયુ હતું. તેમજ તમામ સહભાગીઓએ ભવિષ્યની પેઢીઓ માટે સ્વચ્છ-સ્વસ્થ સમુદ્રો રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી.

---